Extra No. 269

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **TUESDAY, APRIL 7, 2026 / CHAITRA 17, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી

જાહેરનામું

સેક્ટર-૧૧, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૨૦૨૬

વંચાણમાં લીધુ : સચિવશ્રી, રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરની તા.૦૧/૦૪/૨૦૨૬ની અખબારી યાદી ક્રમાંક: ચટણ/સ્થા.સ્વ./૧૩(૬)/૦૪૨૦૨૬/ક-૯૬૪૭ થી ૯૭૬૧

નં.ડીસી/સ્થા.સ્વ.ચૂં.૨૦૨૬/વશી. ૩૬૩૮ થી ૩૬૫૫/૨૦૨૬: આમુખ-૧ થી રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર દ્વારા રાજ્યની મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય / વિભાજન / મધ્યસત્રની બેઠકો તેમજ પ્રસંગોપાત ખાલી પડેલ બેઠકોની ચૂંટણી યોજવા કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. જે મુજબ ગાંધીનગર જિલ્લાની ૨ નગરપાલિકા (કલોલ, દહેગામ), ગાંધીનગર જિલ્લા પંચાયત, તથા ૩ તાલુકા પંચાયત (કલોલ, માણસા, દહેગામ)ની ચૂંટણી યોજાનાર છે. સદર ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૦૧/૦૪/૨૦૨૬ થી આદર્શ આચાર સંહિતા અમલમાં આવેલ છે. સદરહું ચૂંટણીઓ હેઠળની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી અન્વયે તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ મતદાન અને મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ યોજનાર છે તેમજ ચૂંટણી પ્રક્રિયા તા.૩૦/૦૪/૨૦૨૬ના રોજ પૂર્ણ થનાર છે.

આ ચૂંટણીઓનું સરળ શાંતિપૂર્ણ સંચાલન થઈ શકે તેમજ ચૂંટણીઓ દરમ્યાન કોઈ ધમકીનું વાતાવરણ ઉભું ન થાય અને જાહેર સુલેહ શાંતિ તેમજ કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે જળવાઈ રહે તે સારૂ તકેદારીના પગલાં રૂપ કોઈપણ પ્રકારના શસ્ત્રો તથા દારૂગોળો જાહેરમાં સાથે રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવવો આવશ્યક જણાય છે.

વાસ્તે હું રવિન્દ્ર ખટાલે, આઇ.એ.એસ, જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો કે જે વિસ્તારોમાં જ્યાં ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાનાર તે વિસ્તારોમાં કોઈપણ વ્યક્તિ જાહેરનામાની તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધી કોઈ પણ પ્રકારના હથિયાર / દારૂગોળો જાહેરમાં પોતાની સાથે રાખી બહાર લઈ જઈ શકશે નહીં કે તેની હેરાફેરી કરી શકશે નહીં. તેમજ ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો કે જે વિસ્તારોમાં જ્યાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાનાર તે વિસ્તારોમાં નોંધાયેલ પાકરક્ષણ તેમજ સ્વરક્ષણના પરવાના હેઠળના હથિયાર પરવાનેદારથીએ સંબંધિત પોલીસ સ્ટેશન અથવા હથિયાર/દારૂગોળો સુરક્ષિત અને અનામત રાખવા માટેના અધિકૃત આર્મ્સ ડીલર પાસે જાહેરનામાની તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૬ સુધીની મુદ્દત માટે સુરક્ષિત જમા કરાવવા આથી આદેશ કરૂ છું.

આ હુકમ હેઠળ જમાં લેવાયેલ હથિયારો શસ્ત્ર નિયમો-૨૦૧૬ના નિયમ-૪૭ અને ૪૮ હેઠળ જે તે પોલીસ સ્ટેશનમાં અથવા હથિયાર અને દારૂગોળો સુરક્ષિત અને અનામત રાખવા માટેના અધિકૃત આર્મ્સ ડીલરનાઓએ સુરક્ષિત રીતે રાખવાના રહેશે અને જમાં લીધેલ હથિયારોની પહોંચ પણ આપવાની રહેશે. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તારીખ બાદ જમા લીધેલ હથિયાર અને દારૂગોળો સંબંધિત કાર્યરત પરવાનેદારશ્રી ચૂંટણી દરમ્યાન કોઈ ગુનામાં સંડોવાયેલ ન હોય તો, હથિયાર પરત કરવાના રહેશે.

આ હુકમ નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહીં.

(૧) રાષ્ટ્રીયકૃત બેંકો, સહકારી બેંકો, મુખ્ય ધાર્મિક સ્થળો, રાઈફલ કલબ અને તેના અધિકૃત સભ્યો, ઔદ્યોગિક એકમો, જાહેર સાહસોના નામે મેળવેલ પરવાનાના રીટેઈનરો (ખાનગી સીક્યોરીટી સિવાય) હથિયાર ધારણ કરતા હોય તો, તે જમા કરાવવાના રહેશે નહીં.

(૨) ફરજ પરના તમામ પોલીસ અધિકારીશ્રીઓ તથા પોલીસ કર્મચારીશ્રીઓ (ખાનગી સીક્યોરીટી સિવાય) કે જેઓને પોતાની ફરજ અંગે હથિયાર સાથે રાખવા પડતા હોય તો તે હથિયાર જમા કરાવવાના રહેશે નહીં.

(૩) અત્રેથી જમા મુક્તિ બાબતે પરવાનગી મેળવેલ હોય તેવા હથિયાર પરવાનેદારો.

ઉપરોક્ત હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર અથવા તેમ કરવામાં મદદગારી કરનાર ઈસમને શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૨૫ હેઠળ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આ હુકમમાં ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતાં હે.કોન્સ. કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

વધુમાં, હું એવો આદેશ કરૂ છું કે, આ હુકમને આગામી એકસ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટમાં પ્રસિદ્ધ કરવો તથા સ્થાનિક વર્તમાનપત્રો મારફતે જાહેરાત કરાવવી.

આજ રોજ તારીખ ૦૧/૦૪/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવે છે.

રવિન્દ્ર ખતાલે,

જિલ્લા મેજિસ્ટ્રેટ,
ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.04.20 22:16:25 IST